ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૧૦/૨૦૨૬ તા. ૨૪/૦૨/૨૦૨૬

**વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવા બાબત.**

**સંદર્ભ:- જિલ્લા નાયબ નિયામક,વિકસતી જાતિની કચેરીનો પત્ર ક્રમાંક નં.જિનાનિ/વિજા/૨૫-૨૬/૮૭૩ થી ૧૦૨૩ તા. ૨૩/૦૨/૨૦૨૬**

**પરિપત્ર:-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વિકસતી જાતિના પાત્રતા ધરાવતાં જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું બાકી હોય તેમજ કોલેજ/સંસ્થા લોગીનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય તેમજ વિદ્યાર્થીથી શરતચૂકથી ક્લોઝ કરી દીધેલ હોય, તેવા તમામ વિકસતી જાતિના પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે **તા.૨૩/૦૨/૨૦૨૬ થી ૧૫/૦૩/૨૦૨૬** સમયગાળા દરમિયાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવેલ હોઈ તો આ અંગે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ :- ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

**૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે- તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.**

૨૪/૦૨/૨૦૨૬

**ડીરેક્ટર**
**સ્કોલરશીપ સેક્શન,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.

૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

નકલ સાદર રવાના:-

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-**

૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે.......

# જિલ્લા નાયબ નિયામક ,વિકસતી જાતિની કચેરી-જુનાગઢ

બહુમાળી ભવન, બ્લોક નં.૧, ત્રીજો માળ, સરદારબાગ, જુનાગઢ

ફોન/ફેકસ (0285)2630587E-mail : as-socoffi-jun@gujarat.gov.in


ક્રમાંક: જિનાનિ/વિજા/૨૫-૨૬/૮૭૩ થી ૧૦૨૩ તા.૨૩/૦૨/૨૦૨૬

**પરીપત્ર**

પ્રતિ,

આચાર્યશ્રી,

.................................................

મુ................. તા...............................

જિ.જુનાગઢ

વિષય: વર્ષ-૨૦૨૫-૨૬ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ /સહાય યોજનાઓના અમલ માટે Digital Gujarat Portal રી-ઓપન કરવા બાબત

સંદર્ભ:- (૧) વડી કચેરીના પત્ર ક્રમાંક: વિજાક/ક(ક(શિક્ષણ)/પો.મેટ્રીક/૨૫-૨૬/૧૦૨૦ તા.૧૭-૭-૨૫

(૨) વડી કચેરીના પત્ર ક્રમાંક:વિજાક/ક(ક(શિક્ષણ)/પો.મેટ્રીક/૨૫-૨૬/૨૯૩ તા.૨૧-૨-૨૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે વર્ષ:૨૦૨૫-૨૬ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ / સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું DBT થી કરવાનું થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ માટે જુદી-જુદી રાજ્ય સરકાર/ભારત સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતી યોજનાઓ અંતર્ગત વિકસતી જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતી /સહાય મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવા ડિજીટલ ગુજરાત પોર્ટલ પર સંદર્ભ-૧ મુજબ તા.૧૭/૭/૨૦૨૫ થી તા.30/0૯/૨૦૨૫ સુધી ઓપન કરવામા આવેલ હતુ.

ઉકત સમયગાળા દરમ્યાન પોસ્ટ મેટ્રીક યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતી સહાય મેળવવા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમિટ કરવાનું ચુકી ગયેલ હોય તથા જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામા આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીએ શરતચુકથી ક્લોઝ કરી દિધેલ હોય તેવા વિદ્યાર્થીઓ શિષ્યવૃતી/ સહાય યોજનાના લાભથી વંચિત ન રહી જાય તે હેતુસર સંદર્ભ-૨ મુજબ તા.૨૩/0૨/૨૦૨૬ થી તા.૧૫/03/૨૦૨૬ સુધી પોસ્ટ મેટ્રીક શિષ્યવુતિ /સહાય યોજનાઓ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવે છે.

Scanned with OKEN Scanner

તદ ઉપરાંત સંદર્ભ-૧ મુજબની તમામ સુચનઓનું ચુસ્તપણે પાલન કરી સંદર્ભ-૨ મુજબ સમય મર્યાદામાં બાકી રહેલ વિદ્યાર્થીઓની શિષ્યવૃતીની અરજી કરાવવા આપની કક્ષાથી યોગ્ય કરશો.

બિડાણ :- ઉપર મુજબ

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) જુનાગઢ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન.કલેક્ટરશ્રી,જુનાગઢ તરફ જાણ સારૂ.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

<u>નકલ રવાના:- જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે.</u>

(૧) રજીસ્ટ્રારશ્રી, ડો.સુભાષ યુનીવર્સિટી

(૨) રજીસ્ટ્રારશ્રી, એગ્રીકલ્ચર યુનીવર્સિટી

(૩) રજીસ્ટ્રારશ્રી, નોબલ યુનીવર્સિટી

(૪) રજીસ્ટ્રારશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનીવર્સિટી, જિ.જુનાગઢ

(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.જુનાગઢતરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

Scanned with OKEN Scanner